# જ્વેલર્સમાં લૂંટ પ્રયાસમાં ત્રણ ઝડપાયા

**બીલીમોરાની** ચંચલ જ્વેલર્સમાં લૂંટ નિષ્ફળ થતાં ચીખલી-વાંસદા રોડ પર કાર છુપાવી કપડાં બદલી પગપાળા વલસાડ ભાગી ગયા

**કારના** આધારે પોલીસે સાત કલાકમાં ઝડપી પાડ્યા, રિવોલ્વર રસ્તામાં ફેંકી દીધી


કેરસી બારીયા

બીલીમોરાઃ બીલીમોરાના ગૌહરબાગ વિસ્તાર સ્થિત રિચા કોમ્પ્લેક્સમાં આવેલી ચંચલ જ્વેલર્સ દુકાનમાં મંગળવારે બપોરે બે બુકાનીધારી લૂંટારુઓએ ફાયરિંગ કરીને લૂંટનો પ્રયાસ કરતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. જોકે, નવસારી જિલ્લા પોલીસની સતર્ક કામગીરીથી માત્ર ગણતરીના સાત કલાકમાં જ ત્રણેય આરોપીને વલસાડમાંથી ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મંગળવારે ત્રણ અજાણ્યા શખ્સ બ્લુ કલરની બલેનો કારમાં આવી ચંચલ જ્વેલર્સમાં ત્રાટક્યા હતા. દુકાનના માલિક અશોક કટારીયાએ હોકી વડે સામનો કર્યો હતો. જેના પગલે લૂંટારુઓએ રિવોલ્વરમાંથી બે રાઉન્ડ ફાયરિંગ કરી સ્થળ પરથી કારમાં ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં નવસારી જિલ્લા પોલીસ વડા સહિત ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને આરોપીઓને ઝડપી પાડવા માટે આશરે ૧૫ ટીમ બનાવી સઘન તપાસ શરૂ કરી હતી. દરમિયાન જાણવા મળ્યું કે લુંટારુંઓએ ચીખલી-વાંસદા રોડ પર હંસ ક્વોરી નજીક અવાવરું સ્થળે પોતાની કાર છુપાવી દીધી હતી. બાદમાં કપડાં બદલી તેઓ પગપાળા હાઈવે પર પહોંચી બસ મારફતે વલસાડ ભાગી ગયા હતા. બીજી તરફ, પોલીસ સીસીટીવી ફૂટેજના આધારે કાર સુધી પહોંચી હતી. કારની નંબર પ્લેટ ગાયબ હતી, પરંતુ એફએસએલની મદદથી કાર ખોલતા તેમાં લૂંટ દરમિયાન પહેરેલા કપડાં મળી આવ્યા હતા. કારની માલિકીની તપાસ કરતાં તે વલસાડના ઉમંગ વાછાણીના નામે નોંધાયેલી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે માત્ર સાત કલાકમાં જ ત્રણેય આરોપીને વલસાડમાંથી ઝડપી પાડ્યા હતા. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીઓએ લૂંટના ઈરાદે આવ્યાની કબૂલાત કરી હતી તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ રિવોલ્વર રસ્તામાં ક્યાંક ફેંકી હોવાની માહિતી આપી હતી.

### ત્રણેય આરોપી વલસાડના રહેવાસી

પકડાયેલા આરોપીઓમાં મુખ્ય સૂત્રધાર ઉમંગ દિલીપભાઈ વાછાણી (ઉ.વ.૨૫, રહે., ભાનુવિલા એપાર્ટમેન્ટ, તીથલ રોડ વલસાડ), મનોજ ઉર્ફે આકાશ રાજુભાઈ સૂર્યવંશી (ઉ.વ.૨૩, રહે., આકાશગંગા એપાર્ટમેન્ટ, હાલરડ રોડ, વલસાડ) અને રજનીકાંત ઉર્ફે રાજુ શશીકાંત મકવાણા (ઉ.વ.૩૯, રહે., સરદાર હાઉસ, તીથલ રોડ, વલસાડ)નો સમાવેશ થાય છે.

### મુખ્ય આરોપી એવા એન્જિનિયરે લૂંટનો પ્લાન બનાવ્યો, અમદાવાદમાં 12 ગુના

વલસાડ રેહતો અને બીલીમોરાના જ્વેલર્સની દુકાનમાં લૂંટનો પ્રયાસ કરનાર અને ફાયરિંગ કરનાર મુખ્ય આરોપી ઉમંગ વાછાણી અમદાવાદમાં વર્ષ ૨૦૨૨-૨૩ માં એરોનોટિક્સ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતો હતો. પણ ગુનાખોરીની દુનિયામાં પગ પડતા રવાડે ચડી ગયેલા ઉમંગ વાછાણી સામે અમદાવાદ નવરંગપુરા પોલીસમાં ૪, ઘાટલોડિયા પોલીસમાં ૩ ગુજરાત યુનિવર્સિટી પોલીસમાં ૨ અને સિટીલાઈટ વસ્ત્રાપુર અને વાડજ પોલીસ સ્ટેશનમાં ૧-૧ ગુના મળી ૧૨ જેટલા ગુના નોંધાયેલા હતા. જેને કારણે તેની સામે પાસાની કાર્યવાહી પણ થઈ હતી. જ્યારે રજનીકાંત મકવાણા વિરુદ્ધ વલસાડમાં એક ગુનો નોંધાયેલો હોવાનું જાણવા મળ્યું છે.

## પારડીમાં દસ્તાવેજની નોંધણીથી રેકોર્ડ બ્રેક રૂ. 52.40 કરોડની આવક

પારડીઃ પારડી તાલુકાના રિયલ એસ્ટેટ માર્કેટને મંદીનું ગ્રહણ લાગ્યું હોવાની બિલ્ડરો તથા લેન્ડ ડેવલપર્સોની ફરિયાદો વચ્ચે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં પારડી તાલુકામાં ઓલટાઈમ રેકોર્ડબ્રેક દસ્તાવેજોની નોંધણી થઈ છે.

પારડી મામલતદાર કચેરી સબ રજિસ્ટ્રારમાં વર્ષ 2025-26માં નોંધાયેલા કુલ 5304 દસ્તાવેજની સ્ટેમ્પ ડ્યુટી રૂ.44 કરોડ 72 લાખ 65 હજાર 575 ની આવક થઈ હતી. જયારે નોંધણી ફી રૂ.7 કરોડ 67 લાખ 97 હજાર 10 ની આવક નોંધાઈ છે. ત્યારે બંને મળીને રૂ.52 કરોડ 40 લાખ 62 હજાર 585 જેટલી આવક વર્ષ 2025-26 માં નોંધાઈ હોવાનું સબ રજિસ્ટ્રાર અધિકારી વિશાલ પટેલે આંકડાકીય માહિતી આપી હતી. ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં આ આવક વધારે હોવાનું જણાય છે.

# નવસારી શહેરમાં પારસી સમાજ રાજકારણથી 'ગાયબ'!... કેમ?

**એક** સમય હતો જ્યારે પાલિકામાં પારસી સમાજનો દબદબો હતો, આજે હાજરી શૂન્ય સમાન

નવસારીઃ નવસારી શહેરના વિકાસની કહાનીમાં પારસી સમાજનું નામ સોનાના અક્ષરે લખાયેલું છે, પરંતુ આજની રાજકીય હકીકતમાં આ જ સમાજ ધીમે ધીમે 'ગાયબ' થતો જાય છે. એક સમય એવો હતો જ્યારે નગરપાલિકામાં પારસી સમાજનો દબદબો હતો, નિર્ણયો લેવામાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હતી. પરંતુ હવે આ હાજરી લગભગ શૂન્ય સમાન બની ગઈ છે.

ઇતિહાસ સાક્ષી છે કે નવસારી નગરપાલિકાની શરૂઆતના સમયમાં પારસી આગેવાનો શહેરના નેતૃત્વમાં અગ્રેસર રહ્યા હતા. પ્રથમ પ્રમુખ તરીકે દિનશાજી ડાબુ અને ત્યારબાદ ફરામરોઝ ડાબુ જેવા નેતાઓએ શહેરને દિશા આપી હતી. તે સમયગાળામાં નગરપાલિકામાં પારસી સભ્યોની સંખ્યા નોંધપાત્ર હતી અને વિકાસના નિર્ણયો પર તેમનો સીધો પ્રભાવ હતો. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. વસતી ઓછી હોવાને કારણે રાજકીય પક્ષો પારસી સમાજને ટિકિટ આપવા તૈયાર નથી, જ્યારે બીજી તરફ સમાજના લોકો પણ સક્રિય રીતે રાજકારણમાં આગળ આવતા નથી. પરિણામે, છેલ્લા 25-30 વર્ષમાં તેમનું રાજકીય પ્રતિનિધિત્વ લગભગ અદૃશ્ય બની ગયું છે.

વિચિત્ર વાત એ છે કે શહેરના શિક્ષણ, આરોગ્ય અને સામાજિક ક્ષેત્રોમાં પારસી સમાજનું યોગદાન આજે પણ અવિસ્મરણીય છે. સ્કૂલો, હોસ્પિટલો અને અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં આ સમાજે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, છતાં રાજકીય સ્તરે તેમને યોગ્ય સ્થાન મળતું નથી.

સમાજના આગેવાનો હવે સ્પષ્ટ કહી રહ્યા છે "અમને ફક્ત પ્રતિનિધિત્વ નહીં, તક જોઈએ." જો યોગ્ય તક મળે તો પારસી યુવાનો રાજકારણમાં પ્રવેશી શકે અને નવસારીના વિકાસને નવી દિશા આપી શકે છે. હાલ આ મુદ્દો શહેરમાં ગરમ ચર્ચાનો વિષય બન્યો છે. પ્રશ્ન સીધો છે, જે સમાજે નવસારીને બનાવ્યું, તેને રાજકીય મંચ પર ફરીથી સ્થાન મળશે કે નહીં? હવે નજર રાજકીય પક્ષો અને સમાજના આગામી નિર્ણય પર છે.

# તિથલમાં ગેરકાયદે બાંધકામના મુદ્દે હોટેલનો ત્રીજો માળ સીલ

**વિવાદ** થતાં પોલીસ બોલાવવી પડી



વલસાડઃ વલસાડના તિથલ ગામમાં એક હોટેલના ગેરકાયદે બાંધકામના મુદ્દે ભારે વિવાદ ઉઠ્યો છે. ગ્રામ પંચાયતે આ હોટેલના બાંધકામ સામે સવાલો ઉઠાવી તેની હોટેલનો વધારાનો માળ સીલ કરવા ટીમ આવતા ભારે વિવાદ ઉઠ્યો હતો. જેના પગલે તિથલ પંચાયતે પોલીસ બોલાવી પડી હતી અને હોટેલ સીલ કરી હતી. વલસાડ તીથલ ગામમાં દરિયાકિનારે આવેલી શ્રીલેખા હોટેલના પરિસરમાં આવેલી એચએનટીના સંચાલક દ્વારા તેના બે માળ ઉપર ત્રીજા માળનું બાંધકામ ચાલુ કર્યું હતું. જેના પગલે તિથલ ગ્રામ પંચાયતે તેને નોટિસ આપી હતી. એક મહિના પહેલાં અપાયેલી નોટિસ બાદ બાંધકામ યથાવત રહેતા તિથલ ગ્રામ પંચાયતની ટીમ આજરોજ આ હોટેલનું બાંધકામ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જેનો હોટેલના સંચાલકે વિરોધ કર્યો હતો. જેના પગલે વિવાદ થયો અને પોલીસ બોલાવવી પડી હતી. ત્યારે પોલીસની મદદથી ગ્રામ પંચાયતે ત્રીજા માળનું વધારાનું બાંધકામ અટકાવવા તેને સીલ કર્યું હતું.

હોટેલના આ વિવાદમાં સંચાલકે મીડિયા સમક્ષ જણાવ્યું કે, તત્કાલિન સરપંચે તેમને 2 પ્લસ ટુના બાંધકામની પરવાનગી આપી હતી. જ્યારે હાલના સરપંચ રાકેશ પટેલે જણાવ્યું કે, એ પરવાનગી રહેઠાણની હતી, હોટેલની ન હતી. જેના કારણે આ બાંધકામ અટકાવવાની નોબત આવી છે.

# હાઈવે ઓથોરિટીની બેદરકારી, પારડીમાં જાણે કાળને આમંત્રણ

**પારડી** સર્વિસ રોડની ડ્રેનેજમાં કાલે યુવાન પટકાયા બાદ આજે ગૌમાતા ખાબકી


અમૃત પટેલ

પારડીઃ પારડી નેશનલ હાઈવે નંબર 48ના સર્વિસ રોડ પર બંને સાઈડ ઉપર ડ્રેનેજલાઈન ઉપર ઢાંકણાના અભાવે કેટલાક પશુઓ અંદર ખાબકી જવાની ઘટના બનતી આવી છે. ત્યારે એક યુવાન અંદર પટકાયા બાદ આજે ફરી એક ગૌમાતા અંદર પડી ગઈ હતી. જેની જાણ થતાં ગૌરક્ષક કીર્તિભાઈ ભંડારી, રઘુભાઈ ભરવાડ સહિતના ગૌપ્રેમીઓ દોડી આવ્યા હતા. રાત્રિના નગરપાલિકાના સેનેટરી વિભાગના પંકજ ગરણિયાની ટીમ ટ્રેક્ટર સાથે આવી પહોંચી ભારે જહેમતે ગૌમાતાને બહાર કાઢવામાં આવી હતી. ત્યારે હાઈવેની બેદરકારીને કારણે ફરી પશુનો જીવ જોખમમાં મુકાયો હતો. હાઈવે ઓથોરિટી તંત્ર દ્વારા ડ્રેનેજના ખુલ્લા ઢાંકણા લગાવવાનું કામ કરશે કે પછી આગામી દિવસોમાં કોઈનો જીવ જાય તેની રાહ જોવાય રહી છે તેવા પ્રશ્નો ઊઠી રહ્યા છે.

# વલવાડામાં ફટાકડા ફોડવા બાબતે બે પક્ષ વચ્ચે લાકડાં-કુહાડી ઉછળી

**ઉપસરપંચ** સહિત 5 ઘાયલ, કોંગ્રેસ પ્રમુખ સહિત 14 સામે સામસામી ફરિયાદ

ઉમરગામઃ ઉમરગામઃ વલવાડા ગામમાં ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતે બે પક્ષ વચ્ચે હિંસક અથડામણ થતાં લાકડા અને કુહાડીઓ ઉછળ્યા હતા. આ ઘટનામાં ગામના મહિલા ઉપસરપંચ, તેમના પતિ અને પુત્ર સહિત કુલ પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ભિલાડ પોલીસમથકે ઉમરગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સહિત બંને પક્ષના કુલ 14 શખ્સ સામે સામસામી ફરિયાદ નોંધાઈ છે.

વલવાડા, તળાવ ફળિયામાં રહેતા દિલિપ લક્ષ્મણભાઈ પટેલ (ઉં.વ.48)ની પત્ની સુજાતા વલવાડા ગ્રામપંચાયતના ઉપસરપંચ છે. ઘરના સભ્યો સૂતેલા હતા અને રાત્રીના આશરે સવા બારેક વાગ્યાની આસપાસ ઘર પાસે તાલુકા કોંગ્રેસ પ્રમુખ પ્રવેશ દિનેશભાઈ પટેલ સહિત કેટલાક લોકો ફટાકડા ફોડી બૂમાબૂમ કરી રહ્યા હતા. જેથી દિલિપભાઈએ તેમને ટોક્યા હતા. જેમાં ઉશ્કેરાઈ જઈ તત્ત્વો દોડી આવી લાકડા વડે હુમલો કર્યો હતો. દિલિપે સ્વબચાવ માટે ઘર આંગણે પડેલ લાકડો હાથમાં લઈ ફેરવતા કનિક પટેલ અને પ્રજ્ઞેશ પટેલને ઈજાઓ થઈ હતી. જયારે દિલિપની પત્ની અને પુત્રને પણ ધક્કો માર્યો હતો. ભત્રીજા કૃણાલ ભરતભાઈ પટેલને લોખંડના સળિયા વડે માથામાં ફટકાઓ મારી લોહીલુહાણ કરી નાંખ્યો હતો. મારામારી કરનારા પ્રવેશ દિનેશભાઈ પટેલ (ઉમરગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખ), કનિક ખંડુભાઈ પટેલ, પ્રજ્ઞેશ ખંડુભાઈ પટેલ, પ્રજ્ઞેશ વિનોદભાઈ પટેલ, પિયુષ ઉર્ફે ભાલી મહેશભાઈ પટેલ, ઉજ્જવલ શૈલેષભાઈ પટેલ, જસ્મિન ઠાકોરભાઈ પટેલ અને કેવળ ઠાકોરભાઈ પટેલ (તમામ રહે., વલવાડા) સામે ભિલાડ પોલીસમથકે દિલિપ પટેલે ફરિયાદ નોંધાવી હતી.

સામા પક્ષના પ્રજ્ઞેશ ખંડુભાઈ પટેલે પણ ફરિયાદ નોંધાવી હતી કે, મિત્રની દિકરીનો જન્મદિવસની ઉજવણી સાથે ઘર બહાર ફટાકડાઓ ફોડતા હતા ત્યારે દિલિપના ઘર તરફ ફટાકડા જતા હતાં. જેથી દિલિપ લક્ષ્મણભાઈ પટેલ, ભરત લક્ષ્મણભાઈ પટેલ, કૃણાલ ભરતભાઈ પટેલ, હિતેશ કીકુભાઈ પટેલ, પંકજ કીકુભાઈ પટેલ, સતિષ છીબુભાઈ હળપતિ (તમામ રહે., વલવાડા)ઓ ભેગા મળી લાકડાઓ તથા કુહાડીઓ લઈ આવી મારામારી કરી હતી. જેમાં 3 ઈજાગ્રસ્ત થયા હતા. જેથી સ્વબચાવ માટે તેઓના હાથમાં રહેલા લાકડાઓ છિનવી તેઓને પણ માર માર્યા હતા.

## ધરમપુરમાં ટેમ્પોમાં ભેંસોની ગેરકાયદે હેરાફેરીમાં એક ઝડપાયો

ધરમપુરઃ કરંજવેરી ત્રણ રસ્તા નજીક ધરમપુર-વાંસદા રોડ પર આવેલા નીચલા ફળિયા વિસ્તારમાં ધરમપુર પોલીસે ટેમ્પો (નં.DD 01 H 9645)ની તપાસ કરતાં સાત ભેંસને ગેરકાયદે રીતે પરિવહન કરવામાં આવી રહી હોવાનું બહાર આવ્યું હતું. પશુઓ માટે જરૂરી ઘાસ-ચારો અને પાણીની કોઈ વ્યવસ્થા પણ ન હતી. પોલીસે ટેમ્પો ચલાવનાર ફારૂક બિલાલ હેડી (ઉં.વ.27, રહે., ઉમરથાણા, શાંતિનગર, નાશિક) ને ઝડપી પાડ્યો હતો. વધુ તપાસમાં ખુલ્યું કે આ હેરફેરમાં સ્કોર્પિયો ગાડી નંબર GJ-15-CD-0829 દ્વારા પાયલોટિંગ કરવામાં આવી રહ્યું હતું. સ્કોર્પિયોનો ચાલક લીયાકત ગુલહસન આલીસર (રહે., કાનજી ફળીયા, ધરમપુર) પોલીસને જોઈ ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો. હાલ પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી કુલ રૂ.12,75,000નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રણોદ્રામાં સદી જૂનું વડનું ઝાડ કાપતાં બબાલ, ગ્રામજનોમાં રોષ

**સરપંચના** પતિ અને ફોરેસ્ટ અધિકારીનાં નામ ચર્ચામાં આવ્યાં, મંજૂરી વગર કાપ્યાના આક્ષેપ



નવસારીઃ રણોદ્રા ગામમાં એક સદી જૂનું વડનું ઝાડ કાપી નાખવાના બનાવે સમગ્ર વિસ્તારમાં ભારે તણાવ અને રોષ ફેલાવ્યો છે. ગામજનો માટે માત્ર ઝાડ નહીં પરંતુ ગામની ઓળખ અને પર્યાવરણનું પ્રતિક ગણાતું આ વડ અચાનક કાપી નાખતાં લોકોમાં આક્રોશ ઉફાળે ચઢ્યો છે.

મળતી માહિતી મુજબ, આ ઝાડ કાપવાની ઘટના પાછળ સરપંચના પતિ ભાસ્કરભાઈ રાઠોડ અને ફોરેસ્ટ વિભાગના અધિકારી નવલસિંહ રાઠોડના નામ ચર્ચામાં આવ્યા છે. મજૂરોના જણાવ્યા અનુસાર, તેમને સ્થળ બતાવી ઝાડ કાપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ગામજનો અને પંચાયતના સભ્યો સ્થળ પર પહોંચી ગયા અને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. લોકોનો આક્ષેપ છે કે ગામને પૂર્વ સૂચના આપવામાં આવી નહોતી અને ગુપ્ત રીતે આ કાર્યવાહી કરવામાં આવી છે. સરપંચ શર્મિષ્ઠાબેન રાઠોડે આ મામલે અજાણ હોવાનો દાવો કર્યો છે, જે વધુ શંકાઓ ઊભી કરી રહ્યો છે.

સરપંચના પતિ ભાસ્કરભાઈ રાઠોડના કહેવા મુજબ, પાછળની જમીન વેચાઈ ગઈ છે અને કંપની આવવાની હોવાથી રસ્તા માટે જગ્યા જરૂરી હતી, એટલે ઝાડ દૂર કરવું પડ્યું." જોકે આ દલીલ ગામજનોને માન્ય નથી. બીજી તરફ, ફોરેસ્ટ અધિકારી નવલસિંહ રાઠોડે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ઝાડ કાપવાની કોઈ સત્તાવાર મંજૂરી આપવામાં આવી નથી અને પંચાયતના ઠરાવ વગર આવી કાર્યવાહી થઈ શકતી નથી. આ સમગ્ર બનાવે હવે ગંભીર વળાંક લીધો છે. ગામજનો જવાબદારો સામે કડક પગલાંની માંગ કરી રહ્યા છે.

# મહેમાનોને લગ્નનું કંકોત્રીથી નહીં ઓક્સિજન પ્લાન્ટથી આમંત્રણ

ઘેજઃ ચીખલી ના અગ્રણી એવા બીલીમોરા ઘાસવાલા પરિવાર દ્વારા પુત્રના લગ્નપ્રસંગે કંકોત્રીના સ્થાને મહેમાનોને ઓક્સિજન પ્લાન્ટ આપી નિમંત્રણ પાઠવી સામાજિક પ્રસંગમાં પર્યાવરણને પ્રાધાન્ય સાથે અનોખી પહેલ કરવામાં આવી છે. લગ્ન પ્રસંગોમાં થતાં ભપકા અને બીનજરૂરી ખર્ચના જમાનામાં પરંપરાગત કાગળની કંકોત્રીને તિલાંજલી આપી ઓક્સિજન આપતા સ્પાઇડર પ્લાન્ટના કુંડા પર આમંત્રણ પત્રિકા અંકીત કરી મહેમાનોને આ પ્લાન્ટ આપી નિમંત્રણ આપવામાં આવ્યું હતુ. ગ્લોબલવોર્મિંગના સમયમાં પર્યાવરણના સંવર્ધન જતનને


ધર્મેશ પટેલ

પ્રાધાન્ય આપી સામાજિક પ્રસંગમાં પર્યાવરણનો સમન્વય કરી અનોખી પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે જેને વિવિધ સમાજના આગેવાનોએ બિરદાવી રહ્યા છે.

આ ઇકોફ્રેન્ડલી આઇડિયા માટે તેમના પરિવારના ડો.ઝલક અને ડો.કૃતાર્થ દેસાઇ દ્વારા પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઘાસવાલા ક્લિનિક પર ખાસ દર્દીઓ અને તેમના પરિવાર જનો માટે ભોજન સંભારંભ યોજાતા જેની મોટી સંખ્યામાં લોકો એ લાભ લીધો હતો. ઘાસવાલા પરિવારના આનંદભાઈ દેસાઇ અને નવદંપતીને પર્યાવરણલક્ષી અભિગમને બિરદાવી આઅનોખી પહેલ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ, મધ્યપ્રદેશના ગવર્નર મંગુભાઇ દ્વારા પત્રના માધ્યમથી અને કેબિનેટ મંત્રી નરેશભાઈ દ્વારા રૂબરૂ ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### GCAની જિલ્લા સ્તરીય સ્પર્ધામાં દાનહની સપના ગુપ્તા અને સિદ્ધિ દુબેની પસંદગી



વાપીઃ દાદરા-નગર હવેલી અને દમણ-દીવના ખેલ અને યુવા મામલાના નિર્દેશક અરુણ ગુપ્તાના સહયોગથી, દાદરા-નગર હવેલીની મહિલા ક્રિકેટ ખેલાડી સપના ગુપ્તા અને સિદ્ધિ દુબેની ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA)ની જિલ્લા સ્તરીય ક્રિકેટ સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી છે. આ માટે થોડા દિવસો પહેલા અમદાવાદના ગુજરાત કોલેજ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ટ્રાયલ યોજાયા હતા, જેનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખેલ અને યુવા મામલાના નિર્દેશક અરુણ ગુપ્તા અને સેલવાસના સ્થાનિક ડેપ્યુટી કલેક્ટર અમિત કુમારે સપના ગુપ્તા અને સિદ્ધિ દુબેને દાદરા-નગર હવેલીનું ગૌરવ ગણાવી સન્માનિત કર્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે ભવિષ્યમાં આ બંને ખેલાડીઓ ક્રિકેટ જગતમાં આવનારી યુવતીઓ માટે એક મિસાલ બનશે અને તેનાથી મહિલા સશક્તિકરણને વેગ મળશે.

### ડાંગ જિલ્લાના વાસુર્ણામાં ૨૦૦૦ શ્રીફળના કીડિયારુ સાથે વિવિધ સેવાકાર્યો સંપન્ન


ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં વાસુર્ણા સ્થિત તેજસ્વીની સંસ્કૃતિધામ ખાતે તાજેતરમાં 'જય ગોપાલ ગૌસેવા ચેરીટેબલ ટ્રસ્ટ' (નવસારી-સુરત) દ્વારા આયોજિત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની ભવ્ય પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. બ્રહ્મવાદિની પૂજ્ય હેતલ દીદીના માર્ગદર્શન હેઠળ મનુષ્યત્વના નિર્માણનો એક અનોખો પ્રયાસ અહીં જોવા મળ્યો હતો. આ અવસરે પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવતા ૨૦૦૦ શ્રીફળો દ્વારા અવિરત કીડિયારું સેવાયજ્ઞ કરવામાં આવ્યો હતો. શારદા મઠ (ગણદેવી) દ્વારા આસપાસના ગામોના ૫૦૦ જેટલા વિધવા અને વિધુર ભાઈ-બહેનોને કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવસારીના વિપુલભાઈ અને સુરેશભાઈના સહયોગથી યુવાનો અને વૃદ્ધો માટે ૩૦૦૦ ટી-શર્ટની વહેંચણી કરવામાં આવી હતી. વાલજીભાઈ અને તેમની ટીમ દ્વારા ગૌમાતા માટે ઘાસચારાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

### સેલવાસમાં FIAની એક્ઝિક્યુટિવ કમિટીની બેઠકમાં નવા હોદ્દેદારોની વરણી

વાપીઃ સેલવાસમાં મંગળવારે ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (FIA) ના કોન્ફરન્સ હોલમાં એક્ઝિક્યુટિવ કમિટીની વર્તમાન પ્રમુખ સંજીવ કપૂર, ઉપ-પ્રમુખ આર.એન. પાંડે અને જનરલ સેક્રેટરી આર.કે. નાયરની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકનું આયોજન FIA/SIA ના પ્રમુખ સંજીવ કપૂર અને DNHIA ના પ્રમુખ અજીત યાદવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન ઔદ્યોગિક વિકાસ, પશ્ચિમ એશિયા અને ખાડી ક્ષેત્રની તાજેતરની ઘટનાઓ તથા વર્તમાન યુદ્ધના માહોલમાં ઉદ્યોગો પર તેની અસરો જેવા ગંભીર મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. નાણાકીય વર્ષ 2026-27 માટે પ્રમુખ તરીકે અતુલ શાહ, રાજન અગ્રવાલને ઉપ-પ્રમુખ અને કલ્પેશ સોલંકીને જનરલ સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે સુનીલ ઇઝારી, પ્રશાંત જગતાપ, નરેન્દ્ર ત્રિવેદી, શરદ સિંહ, આર.એસ. સુરાણા સહિતના વરિષ્ઠ સભ્યો અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



### કપરાડાના ચાવશાળાથી ગાંજાના છોડ સાથે કડિયો ઝડપાયો



વલસાડઃ કપરાડા તાલુકાના ચાવશાળામાં કડિયા કામ કરતાં એક ઈસમે પોતાના ઘર પાસે માટીના ક્યારામાં ગેરકાયદે રીતે ઉગાડવામાં આવેલા ગાંજાનો છોડ મળી આવતા પોલીસે ગાંજાના છોડ સાથે તેની અટક કરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, એસ.ઓ.જી.ની ટીમ પેટ્રોલિંગ અને બાતમીના આધારે કામગીરી કરી રહી હતી, તે દરમિયાન માહિતીના આધારે કપરાડા તાલુકાના ચાવશાળા ગામે શેરી ફળિયામાં કડિયા કામ કરતા રામુભાઈ નામુભાઈ ગાંગોડા (ઉં.વ.32) માટીના ક્યારામાં ગેરકાયદે રીતે ઉગાડવામાં આવેલા ગાંજાનો છોડ મળી આવ્યો હતો. પોલીસે તેની ધરપકડ કરી અંદાજે 2.300 કિલોગ્રામ વજનનો ગાંજાનો છોડ, જેની કિંમત રૂ.1.15 લાખ તેમજ એક મોબાઇલ ફોન મળી કુલ રૂ.1.20 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

### વલસાડમાં વરલી મટકાનો જુગાર રમાડનાર પકડાયો

વલસાડઃ વલસાડ ટાઉન પોલીસે નાના તાઇવાડ ગુજરાતી સ્કૂલની પાછળ વરલી મટકાના આંકડા લખી જુગાર રમાડતા ગણેશ અરવિંદ કુકણા (ઉં.વ.31)ને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી રૂ.2150 રોકડા તેમજ આંકડા લખેલું કાગળ પણ કબજે લીધું છે.

### ગણદેવીમાં ચૂંટણીની તૈયારી, પોલિંગ સ્ટાફને તાલીમ અપાઈ


કેરસી બારીયા

બીલીમોરાઃ બુધવારે ગણદેવીમાં સમાવિષ્ટ ૨૪ તાલુકા પંચાયત બેઠક અને ૬ જિલ્લા પંચાયત બેઠક માટે ૧૦૨૪ પોલિંગ સ્ટાફ માટે ગણદેવી સુગર ફેક્ટરી હોલમાં બે દિવસીય તાલીમનો પ્રારંભ કરાયો હતો. જેમાં પ્રથમ દિવસે ૫૧૨ને અને બાકીનાને આજે ગુરુવારે તાલીમ અપાશે. જ્યારે ગણદેવી નગરપાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠક માટે કુલ ૭૮ પોલિંગ સ્ટાફને બુધવારે ફાયર હોલમાં તાલીમ અપાઈ હતી. ઝોનલ ૨૪, પ્રિસાઈડિંગ ૨૦૦, સહાયક પ્રિસાઈડિંગ ૨૦૦, મહિલા પોલિંગ ૨૦૦ અને અધર પોલિંગ ૨૦૦, પટાવાળા ૨૦૦ને અનુભવી માસ્તર ટ્રેઇનર દ્વારા ઇવીએમ સહિતની તાલીમ આપવાનો પ્રારંભ કરાયો છે. જેમાં ઇવીએમની કામગીરી નિર્દેશનની તાલીમ આપી, ઉદભવતા પ્રશ્નોનું નિરાકરણ કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છેકે ગણદેવી તાલુકા માં ૧૭૭ બુથ ઉપર ૧૩૮૮૩૦ મતદારો પારદર્શક મતદાન કરી શકે તે માટે પોલિંગ સ્ટાફને ટ્રેનિંગ અપાઈ હતી.